ક્રમાંક: સ્ટેમ્પ/તપાસણી/ ૧૦૦/૦૬ ૨૨૫૧૨

સુપ્રિ.ઓફ સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર ૧૩' સી''ખ'રોડ
ગાંધીનગર તા.૧૨/૧૨/૦૬

## પ રિ પ ત્ર :-

અત્રેની તાબાની નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્રની કચેરીઓનું એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદની કચેરી ધ્વારા વાર્ષિક ઓડીટ કરવામાં આવે છે. જેમાં એ.જી.શ્રીની કચેરી ધ્વારા જુદા જુદા ઓડીટ પેરોઓ લેવામાં આવે છે.

નાયબ કલેકટર, સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્રની કચેરીઓમાં કલમ –૩૨–ક હેઠળના કેસો પૈકી આખરી હુકમ થયેલ કેસોમાં વસુલાત બાકી હોય તેવા કેસો નાયબ મામલતદાર અને એકસ ઓફીસીયો વસુલાત અધિકારીને સોંપવામાં આવે છે. જે કેસોમાં નાયબ કલેકટરશ્રી અથવા વસુલાત અધિકારી તરફથી લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ની કલમ –૧૫૨, ૧૫૪ ,૧૫૫ વિગેરે હેઠળ વસુલાતની કાર્યવાહી શરુ કરવામાં આવે છે. અને જરુર પડયે જપ્તી અંગેની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે. અને તે અંગેની કાર્યવાહી અત્રેના તાબાની નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્રની કચેરીઓ તરફથી કરવામાં આવે છે.

એ.જી.શ્રીની કચેરી, અમદાવાદ ધ્વારા સને ૨૦૦૫–૦૬ ના વર્ષના નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્રની કચેરીઓના ઓડીટ દરમ્યાન ઉપસ્થિત કરેલ પેરાઓમાં લેવાયેલ વાંધા અનુસાર ઉપરોકત વિગતે જે કેસોમાં લેન્ડ રેવન્યુ કોડ ૧૮૭૯ ની કાર્યવાહી હાથ ધરાયેલ હોય અને આવી કાર્યવાહી શરુ થયા બાદ વસુલાત કરવામાં આવે તેવા કેસોમાં ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના નિયમ –૧૧૭ સી અન્વયે ૫ % સર્વિસ ચાર્જ વસુલ લેવા અંગે ઓડીટ પેરા લેવામાં આવેલ છે.

જેથી ઉપરોકત વિગતે જમીન મહેસુલની બાકી તરીકે જમીન મહેસુલ અધિનિયમ અન્વયે વસુલાતની કાર્યવાહી શરુ કર્યા બાદ જે કીસ્સાઓમાં વસુલાત કરવામાં આવે છે તેમાં જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના નિયમ ૧૧૭ સી મુજબ ૫ % સર્વિસ ચાર્જ વસુલ કરવાનો રહેશે. જે મુજબ કાર્યવાહી કરવા અને અત્રે તે મુજબ અમલ કરવા વિનંતી.

સહી/–
સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર, ....................

નકલ રવાના:-

૧) અધિક કલેકટરશ્રી (અપીલ)ગુ.રા.ગાંધીનગર.
૨)અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી ,ગુ.રા.ગાંધીનગર
૩) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી,ગુ.રા.ગાંધીનગર
૪) નાયબ મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી,કાયદાશાખા,ગુ.રા.ગાંધીનગર.
૫) નાયબ મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી.મહેકમ શાખા,ગુ.રા.ગાંધીનગર.
૬)નાયબ મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી ,અપીલ શાખા ગુ.રા.ગાંધીનગર.
૭)નાયબ મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી ,રીફંડ શાખા, ગુ.રા.ગાંધીનગર.
૮)મદદ.સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રી,સ્ટોર શાખા, અમદાવાદ
૯)મુખ્ય સ્ટેમ્પ,નિરીક્ષકશ્રી,નિરીક્ષણ શાખા,ગુ.રા.ગાંધીનગર
૧૦)મુખ્ય સ્ટેમ્પ,નિરીક્ષકશ્રી,તપાસણી શાખા, ગુ.રા.ગાંધીનગર.
૧૧)સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રીના રહસ્ય સચિવશ્રી,ગુ.રા.ગાંધીનગર
૧૨)જુનિયર ટાઉન પ્લાનરશ્રી,તાંત્રિક શાખા ગુ.રા.ગાંધીનગર
૧૩) હિસાબી અધિકારીશ્રી,હિસાબી શાખા,(સ્ટેમ્પ/મૂલ્યાંકન)ગુ.રા.ગાંધીનગર.

રવાના કર્યુ.

મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષક,
ગુ.રા.ગાંધીનગર.

OIC
11/12